RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2018

તમામ પ્રકારના દિવ્યાંગોને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૪ ● અંક : ૧૨ ● ૫ ઓગસ્ટ-૨૦૧૮ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ● પાના - ૪

## વિકલાંગતાને ભૂલીને ખુમારી સાથે જીવનની લડાઈ

આલેખન : અશ્વિન જેઠી, નખત્રાણા

**વાત છે નખત્રાણાના પાટીદાર દંપતીની.... શારીરિક પરવશતા આવી પણ હિંમત કાયમ : રોજિંદા કાર્યો સાથે બખૂબીથી શોખેય નિભાવાય છે.**

ધારો કે માણસના શરીરનું કોઈ અંગ ન હોય, જન્મથી કે જન્મ પછી કે કોઈ અકસ્માતમાં શરીરના કોઈ અંગ ગુમાવ્યા હોય તે વિકલાંગ કહેવાય અને હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આવા વિકલાંગોને દિવ્યાંગોનું નામ આપી માનવીય સંવેદના વ્યકત કરી છે ત્યારે આવા જ એક પાટીદાર સમાજનો વિકલાંગ પરિવાર જિંદગીની લડાઈ લડતાં પોતાનો સંસારરથ ચલાવે છે. આ દિવ્યાંગ દંપતીનું નામ છે કવિતાબેન કમલેશ રામાણી.

આ દંપતીની કહાની પણ અનોખી છે. આ પરિવાર આમ તો કોટડા-જ નો છે, પરંતુ હાલે નખત્રાણા રહે છે. આ અંગે અમારી સાથે વધુ વાત કરતાં કમલેશ રામાણીએ કહ્યું હતું કે, જન્મ સમયે તેઓ બરાબર હતા, પરંતુ છ વર્ષની ઉંમરે તેઓને બે પગમાં પોલિયો થઈ જતાં વિકલાંગ બન્યા છે. તો સાથે તેમના પત્ની કવિતાબેન પણ બરોબર હતા. આ કવિતાબેનનો પરિવાર ધંધાર્થે બેંગલુરુ રહેતો હતો. એક દિવસ કવિતાબેનનો નાનો ભાઈ બેંગલુરુમાં પોતાના મકાનના ધાબા પર પતંગ ઉડાડતો હતો ત્યારે પતંગ જીવતા વીજવાયરમાં અટવાયો હતો ત્યારે પોતાના ભાઈનો પતંગ વીજવાયરમાંથી કાઢવા લોખંડના પાઈપ વાટે જ્યારે પતંગ કાઢવા જતાં વીજવાયરના સંપર્કમાં આવતાં શોર્ટ લાગતાં બે હાથ ગુમાવ્યા હતા. હવે યુવાનીમાં પ્રવેશતાં આ બંને પાત્રો એકબીજાના સંપર્કમાં આવ્યા તેમજ બંને વચ્ચે પ્રેમ પાંગરતાં બંનેએ લવમેરેજ કર્યા હતા.

હાલે આ દંપતી જિંદગીની લડાઈ લડી રહ્યું છે. પોતાનો સંસાર ચલાવી રહ્યું છે.હવે વાત કરીએ કવિતાબેનની. ભલે કુદરતે બે હાથ લઈ લીધા તેમ છતાં ઘરકામ બખૂબીથી કરે છે. તમને જાણીને નવાઈ લાગશે આ કવિતાબેન જે ઝડપથી ઘરમાં રોટલી બનાવે છે તે ઝડપથી કોઈ ગૃહિણી પણ ન બનાવી શકે. તો અંગ્રેજી ભાષા પર પણ એટલું જ પ્રભુત્ત્વ છે. બે હાથેથી સરળ રીતે અંગ્રેજી લખવાની સાથે કોમ્પ્યુટરના પણ માસ્ટર છે. તો સિલાઈ, પેઈન્ટિંગ પણ સારી જાણે છે. સિલાઈથી પણ રોજીરોટી મેળવે છે.

તો કમલેશભાઈ પણ મકાનના નકશા-ડ્રાફ્ટિંગનું કામ કરી રોજીરોટી મેળવે છે. કમલેશભાઈની ઈચ્છા એવી છે કે રાજ્ય સરકાર દ્વારા બેમાંથી એકને પણ સરકારી નોકરી મળે તો ભયોભયો. સરકારી નોકરી મફતમાં નહીં તેમની પાસે ઢગલાબંધ કવોલિફિકેશનના પ્રમાણપત્રો છે. (સૌજન્ય : કચ્છમિત્ર) ●

## યુવા પેઢીની પ્રેરણામૂર્તિ : પ્રજ્ઞાચક્ષુ પ્રાંજલ પાટીલ

આલેખન : મેઘા કાપડીયા

**પ્રજ્ઞાચક્ષુ પ્રાંજલ યુપીએસસીની પરીક્ષા પાસ કરીને આસિસ્ટન્ટ કલેક્ટર બની.... !**




“દિવ્યાંગ હોવું અવરોધરૂપ હોઈ શકે છે, પણ જો તમારામાં આત્મવિશ્વાસ અને લક્ષ્ય સાધવાનો જુસ્સો હોય તો તમે ઈચ્છો તે કરી શકો છો.’’ આ શબ્દો છે પ્રાંજલ પાટીલના. દેશની પ્રથમ પ્રજ્ઞાચક્ષુ મહિલા કલેક્ટર બનીને ૩૦ વર્ષની પ્રાંજલે ૨૦૧૭ની યુપીએસસી પરીક્ષામાં ૧૨૪મો રેન્ક મેળવીને ૪ જુન-૧૮થી કેરળના અર્નાકુલમ જિલ્લામાં આસિસ્ટન્ટ કલેક્ટરની કામગીરી સંભાળી છે.

જેણે માતા-પિતાનો ચહેરો, હરિયાળી, દરેક રંગ જોયો હોય અને એકાએક આંખ સામે અંધારું છવાઈ જાય એ કલ્પના પણ ધ્રૂજાવી દે ત્યારે આવી સ્થિતિમાં પ્રાંજલે પોતાનું સપનું પૂરું કર્યું છે. મહારાષ્ટ્રના ઉલ્લાસનગરની નિવાસી પ્રાંજલ નાનપણથી જ ભણવામાં તેજસ્વી. એની સાથે ભણતા એક વિદ્યાર્થીએ તેની આંખમાં પેન્સિલ મારી. એથી રેટિનલ ડિટેચમેન્ટને કારણે તેને ડાબી આંખ ગુમાવવી પડી. ડોક્ટર્સે ચેતવણી આપી હતી કે પ્રાંજલ બીજી આંખ પણ ગુમાવી શકે છે. માત્ર ૮ વર્ષની ઉંમરે દૃષ્ટિ ગુમાવી ચૂકેલ પ્રાંજલને શરૂઆતમાં ભણવામાં તકલીફ પડી, પરંતુ તે બ્રેઈલ લિપિ શીખી. ટેકનોલોજીના ઉપયોગથી તે આગળ વધતી ગઈ. માસ્ટર્સ ડિગ્રી મેળવ્યા બાદ પ્રાંજલને યુપીએસસીની પરીક્ષા આપવાનો વિચાર આવ્યો.એ કહે છે, “આ પરીક્ષાની તૈયારી માટે લોકો બ્રેક લે છે, પણ મારા માટે તે શક્ય નહોતું. મેં અભ્યાસ સાથે યુપીએસસીની તૈયારી કરી. બીજો પડકાર રાઈટર શોધવાનો હતો. મેં એવા સાથીની શોધ શરૂ કરી જે હું બોલું તેટલી સ્પીડથી લખી શકે.’’ પ્રથમ જ પ્રયત્નમાં પ્રાંજલે ૭૭૩મો રેન્ક પ્રાપ્ત કર્યો. એ રેલવેની નોકરી માટે ટ્રેનીંગમાં જોડાઈ, પણ રેલવે મંત્રાલયે પ્રાંજલ અંધ હોવાથી નોકરી આપવાની ના પાડી. પ્રાંજલે ભણવાનું ન છોડવાની શરતે લગ્ન કર્યાં. સિવિલ સર્વિસની પરીક્ષા આપી રહેલાને પ્રાંજલ કહે છે, “આ પરીક્ષા પડકાર રૂપ છે. આત્મવિશ્વાસ રાખો. સફળતા મળવામાં સમય લાગે છે, ક્યારેય હાર ન માનવી.’’ ●




## સ્ટીફન હોકિંગ માનવજાતને સમજાવી ગયા છે કે...

બ્રહ્માંડ અને ભૌતિકશાસ્ત્રના મહાન બ્રિટીશ વિજ્ઞાની સ્ટીફન હોકિંગ હવે આપણી વચ્ચે રહ્યા નથી. એ એક અસાધ્ય બીમારી, ''મોટર ન્યુરોન ડિસીઝ''ના એક પ્રકાર એમિયોટ્રોફિક લેટરલ સ્ક્લેરોસિસ (ALS) થી પાંચ દાયકા સુધી પીડાતા રહ્યા હતા. એ બીમારીને કારણે હોકિંગનું આખું શરીર લકવાગ્રસ્ત થઈ ગયું હતું, માત્ર મગજ જ ચાલતું હતું. પરિણામે એ જીવનના અંત સુધી વ્હીલચેરગ્રસ્ત રહ્યા હતા. આ બીમારીમાં દરદી સામાન્ય રીતે છ-સાત વર્ષ સુધી જ જીવી શકે છે, પણ હોકિંગે બીમારી વિરુદ્ધ જોરદાર જંગ ખેલીને ૫૩ વર્ષ સુધી જીવી બતાવ્યું. આ મહાન વિજ્ઞાનીએ એમની બીમારીને એક વરદાન બનાવી દીધું હતું.

હોકિંગે એકવાર કહ્યું હતું કે બીમારી લાગુ પડી એ પહેલાં હું મારી જિંદગીથી બહુ કંટાળી ગયો હતો. હું કોઈ મહત્વનું કામ કરતો હોઉં એવું મને લાગતું નહોતું. ૨૧ વર્ષનો હતો તોય મારી આકાંક્ષાઓ ઘટીને સાવ શૂન્ય થઈ ગઈ હતી, પરંતુ આ બીમારી પછી મને જીવનમાં જે કંઈ મળ્યું એને હું બોનસ તરીકે ગણું છું.

હોકિંગને બીમારી લાગુ પડી એ પહેલાં એ ભણતર પર પૂરતું ધ્યાન આપી શક્યા નહોતા, પણ બીમાર પડ્યા બાદ એમને થયું કે પોતે વધુ જીવી નહીં શકે એટલે પોતાનું બધું ધ્યાન બ્રહ્માંડને લગતાં સંશોધનકાર્ય પર લગાવી દીધું. હોકિંગને એ વાતની ખુશી હતી કે બ્રહ્માંડ વિશે માનવજાતને સમજાવવામાં પોતે એક ભૂમિકા ભજવી શક્યા હતા. હોકિંગને કોસ્મોલોજીના વિશેષજ્ઞ માનવામાં આવ્યા છે. બ્રહ્માંડની ઉત્પત્તિ, સંરચના સંબંધિત Theory of Big Bang અને Black Hole તથા હોકિંગ રેડિયેશનનો કોન્સેપ્ટ એમણે દુનિયાને આપ્યો.

હોકિંગે બ્રહ્માંડની રચના અને એનાં રહસ્યો અંગે સંશોધન તો કર્યું, પણ માનવજાતને સામાન્ય રીતે એ એટલું સમજાવી ગયા છે કે : ''જિંદગી ભલે ગમે તેટલી કઠિન હોય, તમે હંમેશાં કંઈક તો કરી શકો અને સફળ પણ થઈ શકો છો. જ્યાં જીવન છે ત્યાં આશા છે.'' ●

## વિકલાંગ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિની યોજના

ગુજરાત રાજ્યના સમાજ સુરક્ષા વિભાગ દ્વારા પ્રતિ વર્ષ વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના છે. આ યોજના અંતર્ગત સને ૨૦૧૮-૧૯ના વર્ષની નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

ધોરણ-૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિકલાંગ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટે જે શાળા-સંસ્થાના આચાર્યશ્રીએ https// www.digitalgujarat.gov.in Portal ઉપર વિદ્યાર્થીનું ફોર્મ ઓનલાઈન ભરવાનું રહેશે. ફોર્મ ભરાઈ ગયા પછી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીને ફોરવર્ડ કરવાનું રહેશે. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી વિકલાંગ વિદ્યાર્થીના ફોર્મની ચકાસણી કરી શિષ્યવૃત્તિ ચુકવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૧-૮-૨૦૧૮ છે. આ યોજના હેઠળ આવકમર્યાદા દૂર કરેલ હોઈ આવકના પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે નહીં. ઉપરોક્ત માહિતી નિયામક, સમાજ સુરક્ષા ખાતું, ગુ.રા., ગાંધીનગરની માહિતી/૧૦૨૮/૧૮-૧૯ તા.૨૧-૭-૨૦૧૮ મુજબ છે. ●

પ્રિય વાંચકો, શુભેચ્છકોને...!

આપશ્રીને વિનંતી કરવાની કે આપ પોતે અને આપના મિત્ર વર્તુળને ''વિકલાંગ મિત્ર''ના સભ્ય (સહયોગ રાશિ આજીવન રૂા.૧૦૦૦/- અથવા વાર્ષિક રૂા. ૫૦/- બે વર્ષના રૂા. ૧૦૦/- માત્ર) બનવા પ્રોત્સાહિત કરી સહકાર આપવા કૃપા કરશો. એક અંકના સ્પોન્સરની રકમ રૂા. ૨૦૦૦/- છે. આપશ્રી આપની સહયોગ રાશિ મની ઓર્ડર / ડીડી / એટપાર ચેક ( જે **"વિકલાંગ મિત્ર- Viklang Mitra"**ના નામનો) દ્વારા નીચેના સરનામે મોકલી શકો છો. આપશ્રી આપની સહયોગ રાશિ યુનિયન બેંક ઑફ ઈન્ડિયા, વિજાપુર શાખાના ખાતા નંબર **448201010032029** , **IFCS CODE- UBIN0544825, CUST.ID-14871011**માં જમા કરાવી આપનું નામ-સરનામું સાથે મોકલવા વિનંતી છે. **PAN CARD - AQRPP1814A**

**તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર**
**મુ.પો. માઢી -૩૮૨૮૬૦, તા. વિજાપુર, જિ. મહેસાણા,**
**મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૧૦૬૦૫૩૯૦૨**
**viklangmitra@yahoo.com**
**viklangmitra@gmail.com**

વિકલાંગ મિત્રને હાર્દિક શુભેચ્છા સહ...

